BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )

**પરીપત્ર**

**વિષય : આગામી સમયમાં યોજાનાર F.Y. અને S.Y. B.Sc. Nursing કોર્ષનાં પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવા બાબત.**

આથી ઉપરોક્ત વિષયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ નર્સિંગ કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાઓને જણાવવાનું કે, અત્રેની યુનિવર્સિટી દ્વારા **November/December-2022** માં લેવાનાર **F.Y. અને S.Y. B.Sc. Nursing** ની પરીક્ષાના, પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રીની તારીખ નીચે મુજબ રહેશે. નિયત સમય-મર્યાદામાં કોલેજ દ્વારા તેમના લોગીન મારફત એન્ટ્રી કરવાની રહેશે.

| કોર્ષનું નામ | રેગ્યુલર ફી [રેગ્યુલર ફી ૩૫૦૦/-] | લેઇટ ફી [રેગ્યુલર ફી + ૩૫૦૦] | દંડાત્મક ફી [રેગ્યુલર ફી + ૩૫૦૦ + ૧૫૦૦] |
|---|---|---|---|
| F.Y. અને S.Y. B.Sc. Nursing | તા.૧૦/૧૧/૨૦૨૨ થી તા. ૧૬/૧૧/૨૦૨૨ | તા. ૧૭/૧૧/૨૦૨૨ | તા. ૧૮/૧૧/૨૦૨૨ |

છેલ્લી તારીખ બાદ કરવામાં આવેલ સુધારો સોફટવેર સ્વીકારશે નહી. દંડાત્મક ફી ની તારીખ બાદ પણ જો કોઇ વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ ઓનલાઇન ભરવાનું બાકી રહેલ હોય તો તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ અત્રેની યુનિવર્સિટી ખાતેથી **નિયમોનુસાર ફી** ભરી ફોર્મ ભરવાનું રહેશે.

દંડાત્મક ફી સાથેની છેલ્લી તારીખ બાદ ચાલુ કામકાજના દિવસ ૨(બે)માં ફરજીયાત પણે ચેકલિસ્ટ તેમજ ફી મેમો તેમજ ફી ભર્યાની રસીદ પરીક્ષા વિભાગમાં જમા કરાવવાનો રહેશે, તથા પરીક્ષા ફોર્મ ફી **"રજીસ્ટ્રાર, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ"** ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ભરવાની રહેશે.

**ખાસ નોંધ :**

૧. જે વિદ્યાર્થીઓની ટર્મ ગ્રાન્ટ ન થતી હોય તેમજ પરીક્ષામાં બેસવા માટે ગેરલાયક થતા હોય તેવા વિદ્યાર્થીઓની એક યાદી કોલેજ લેટરપેડ પર આચાર્યશ્રીની સહી સાથે પરીક્ષા શરૂ થવાના બે સપ્તાહ પૂર્વે અચુક થી મોકલી આપવી જેથી તેમની લેવાનાર થીયરી પરીક્ષા રદબાતલ થશે. આ અંગે સઘળી જવાબદારી કોલેજની રહેશે. હાલ જે પરીક્ષાના ફોર્મ ભરવામાં આવનાર છે તે માત્ર વ્યવસ્થાના ભાગરૂપે કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી રહી છે.
૨. દરેક વિદ્યાર્થીએ પરીક્ષા ફોર્મમાં જે વિષય દર્શાવેલ હોય તે જ વિષયની કોલેજ દ્વારા સોફટવેરમાં એન્ટ્રી કરવી.
૩. કોલેજ દ્વારા પરીક્ષા ફોર્મની એન્ટ્રી થયા બાદ ફરજીયાત વેરીફાય કરી લેવાનું રહેશે. [વેરીફાય કરેલ ફોર્મનું જ ચેકલીસ્ટ/બેઠક નંબર જનરેટ થશે].
૪. પરીક્ષાના આવેદનપત્ર કોલેજે પોતાની પાસે રેકોર્ડમાં સાચવીને રાખવાં, જરૂર પડયે યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે તો રજુ કરવાનાં રહેશે.

ડો. ડી. એમ. ચુનડીયા
**પરીક્ષા નિયામક**

ક્રમાંક - બીકેએનએમયુ/પરીક્ષા/૧૫૭૫/૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
તા. ૦૯/૧૧/૨૦૨૨

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ માન્ય સંસ્થાના વડાઓ તરફ....

નકલ સવિનય રવાના :-
(૧) માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે)
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા તેમજ યોગ્ય કાર્યવાહી અર્થે)
(૩) હિસાબી શાખા. (યોગ્ય કાર્યવાહી અર્થે)